મહાવીર એટલે મહાન નાયક અતિ બહાદૂર વીર પ્રભુ

મહાવીર અર્થાત્ 'મહાન નાયક કે અતિ બહાદૂર.' મહાવીર નામ સામાન્ય રીતે જૈન તીર્થંકર વર્ધમાનના સંદર્ભમાં વપરાતો શબ્દ છે, જેઓ ઈસ પૂર્વે ૫૯૯-૫૨૭ (અમુક વિદ્વાનોના મતે ઈસ પૂર્વે ૫૪૯-૪૭૭) દરમ્યાન થઈ ગયાં. સંસારમાં વિદ્યમાન જૈન સિદ્ધાંતોનો પાયો તેમણે નાંખ્યો છે.

અને સાંસારિક આકર્ષણોથી દૂર થતાં ગયાં. ૩૦ વર્ષની ઉંમરે મહાવીરે સંસારનો ત્યાગ કર્યો. તેમણે તેમનું રાજ્ય, પરિવાર અને ભૌતિક સુખો આદિનો ત્યાગ કર્યો અને ૧૨ વર્ષ સંયમી જીવન ગાળ્યું. આ ૧૨ વર્ષ દરમ્યાન તેમણે મોટાભાગનો સમય ધ્યાન અને આત્મચિંતનમાં ગાળ્યો. તેઓ માનવ,



પ્રસંગસર

જૈન પરંપરા પ્રમાણે તેઓ ૨૪મા અને અંતિમ તીર્થંકર હતા. તમિલ ભાષામાં તેમને અરુકાણ અથવા અરુકાદેવન કહે છે. ગ્રંથોમાં તેમનો ઉલ્લેખ વીર કેવીરપ્રભુ, સન્મતિ, અતિ વીર અને જ્ઞાતપુત્ર તરીકે પણ થયો છે. બૌદ્ધત્વના પાલિ ગ્રંથમાં તેમનો ઉલ્લેખ નોગંથ નાતપુત્તા તરીકે થયો છે.

ભગવાન મહાવીરનો જન્મ વર્તમાન બિહાર રાજ્યના વૈશાલી જિલ્લામાં પટનાથી ૨૯ માઈલ દૂર આવેલા બેસધા પટ્ટી નજીક આવેલા કુંડલગ્રામમાં ચૈત્ર સુદ ૧૩ના રોજ થયો હતો. તેમના પિતા સિદ્ધાર્થ રાજા અને માતા ત્રિશલા દેવી.

એવું માનવામાં આવે છે કે તેઓ જ્યારથી માતાના ગર્ભમાં આવ્યાં તે સમયથી રાજ્યમાં રિદ્ધિ એટલે કે સંપદા વધી હતી. આ કારણે તેઓ વર્ધમાન કહેવાયાં. માતાના ગર્ભમાં તેમના ચ્યવન પછી ઘણી સારી ઘટનાઓ ઘટી હતી. જેમકે, વૃક્ષો વગેરે પણ વિપુલ પ્રમાણમાં ફૂલોનું ખીલવું આદિ. રાણી ત્રિશલાને ૧૪ (શ્વેતાંબર મત પ્રમાણે ૧૪ અને દિગંબર મત પ્રમાણે ૧૬) શુભ સ્વપ્નો આવ્યાં હતાં જેને જૈન પરંપરામાં એક મહાન આત્માનાં અવતરણનું ચિન્હ માનવામાં આવે છે.

જૈન પરંપરામાં એવું માનવામાં આવે છે કે તીર્થકરના જન્મ પછી દેવતાઓના રાજા ઈન્દ્ર તેમને દેવલોકમાં લઈ જઈ દૂધ આદિથી તેમનો અભિષેક કરી તેમનો જન્મોત્સવ ઉજવે છે અને ત્યારબાદ તેમની માતાને સોંપી દે છે. વર્ધમાન મહાવીરનો જન્મદિવસ મહાવીર જયંતિરૂપે ઉજવવામાં આવે છે, જે વિશ્વના સૌ જૈનો માટે મહત્ત્વનો તહેવાર ગણાય છે.

વર્ધમાન રાજા સિદ્ધાર્થના પુત્ર તરીકે બાળવયે રહ્યા. નાનપણથી જ તેમનો સ્વભાવ સદ્‌ગુણો ધરાવતો, ચારિત્ર્યવાન અને આદર્શ હતો. તેઓ ઘણી વખત ધ્યાનમાં લીન બની જતાં અને સ્વ-ચિંતન કરતાં. તેઓ જૈન ધર્મનાં મૂળભૂત વિચારો પ્રત્યે આકર્ષિત થયાં પ્રાણી અને વનસ્પતિ સહિત સર્વ જીવોનું જતન કરતાં અને તેમને દુખ ન પહોંચે તેનું ધ્યાન રાખતાં. તેમણે વસ્ત્રો સહિત વિશ્વની સર્વ ભૌતિક વસ્તુઓનો ત્યાગ કર્યો અને વિતરાગી તથા ત્યાગમય જીવનનો આરંભ કર્યો. સાધના અને તપના સમય દરમ્યાન તેમણે પોતાની ઈન્દ્રિય પરના અનન્ય કાબૂ અને સહનશીલતાનું પ્રદર્શન કર્યું. તેમની આવી વીરતાના પ્રદર્શનને કારણે તેમનું નામ મહાવીર પડ્યું. આ તેમની આધ્યાત્મિક સફરનો સુવર્ણકાળ હતો, જેના અંતે તેમણે અરિહંતની પદવી મેળવી.

કલ્પસૂત નામના જૈન ગ્રંથમાં મહાવીરના સંયમિત જીવનનું વર્ણન ખૂબ વિસ્તારપૂર્વક કરવામાં આવ્યું છે. જેને અનુસરીને જૈનવનના સંયમ આદિના નિયમો નિયત કરાયા છે.

'સંયમિ સાધુ મહાવીરે એક વર્ષ અને એક મહિના સુધી વસ્ત્રો ધારણ કર્યાં. ત્યારબાદ તેઓ નિર્વસ્ત્ર જ ફરતાં અને પોતાના ખોબામાં જ આહાર વહોરીને ખાતાં. બાર વર્ષ સુધી ત્યાગી જીવન ગાળ્યું તે દરમ્યાન તેમણે શરીરની જરા પણ પરવા ન કરી, તેની જરા પણ શાતા સારવાર ન કરી. માનવ, પ્રાણી કે સંજોગો દ્વારા થતા સારા કે ખરાબ સૌ અનુભવો સમતા ભાવે સહન કર્યા.'

-કલ્પ સૂત્ર, ૧૧૭

પાછલાં વર્ષોમાં મહાવીરે ભારતના લોકોને આત્મીક મુક્તિનો શાશ્વત સત્ય માર્ગ બતાવ્યો. તેઓ ખુલ્લા પગે અને નિર્વસ્ત્ર ફરતાં. એક સમયે મહાવીરના ૩૭,૦૦૦,૦૦૦ અનુયાયીઓ હતા. મહાવીર દ્વારા દેશના અને જૈન તત્ત્વજ્ઞાન સમજાવવા માટે કરવામાં આવેલા શ્રમને પરિણામે જૈન ધર્મના ફેલાવાને બળ મળ્યું.

૭૨ વર્ષ અને સાડા ચાર માસની ઉંમરે તેઓ બિહારના પાવાપુરીમાં જૈન વર્ષના અંતિમ દિવસ દિવાળીના રોજ નિર્વાણ પામ્યાં. આ દિવસે તેઓની મોક્ષની પ્રાપ્તિ થઈ હોવાથી જૈનો ઉત્સવ મનાવે છે.

સાંસ્કૃતિક વિકાસ મંચ દ્વારા ઐતિહાસિક નાટક યોજાયું

કડિયાદરા, તા.૩

જાણીતા સાહિત્યકાર રવીન્દ્રનાથ ટાગોરની મૂળપ્રતમાંથી ભાષાંતરીત કરેલા 'વિસર્જન' નામના ઐતિહાસિક નાટકને સાંસ્કૃતિક વિકાસ મંચ કડિયાદરા દ્વારા ગાંધીનગર, હિંમતનગર અને ઉદેપુરમાં રજૂ કરવામાં આવ્યું હતું જેને નાટ્ય રસિકોનો સારો પ્રતિસાદ મળ્યો હતો. સાબરકાંઠાની કલા સંસ્થા 'સાંસ્કૃતિક વિકાસ મંચ' કડિયાદરા દ્વારા તાજેતરમાં રવિન્દ્રનાથ ટાગોર લિખિત અને નગીનદાસ પારેખ રૂપાંતરિત ઐતિહાસિક નાટક 'વિસર્જન' તૈયાર કરવામાં આવ્યું હતું. યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ ગાંધીનગરના ઉપક્રમે ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીના આર્થિક સહયોગથી તૈયાર થયેલા આ નાટકના ત્રણ શો તાજેતરમાં તા. ૨૮ માર્ચ ૨૦૧૨ ગાંધીનગર, તા. ૩૦ માર્ચ ૨૦૧૨ હિંમતનગર તથા તા. ૩૧ માર્ચ ૨૦૧૨ ઉદેપુરના રોજ યોજાયા હતા. હિંસાના માર્ગમાંથી અહિંસા તરફ દોરી જતા આ ઐતિહાસિક નાટકનું દિગ્દર્શન જનક દવે દ્વારા કરવામાં આવ્યું હતું. નાટકમાં ૧૫ જેટલા કલાકારોએ અભિનય આપ્યો છે. હૃદયસ્પર્શી સંવાદો, કર્ણપ્રિય સંગીત અને નયનરમ્ય સેટિંગ્સે પ્રેક્ષકોના મન જીતી લીધા હતા. આજના સમયમાં જ્યારે ઐતિહાસિક નાટકો દુર્લભ બન્યા છે ત્યારે સાંસ્કૃતિક વિકાસમંચ કડિયાદરાએ તૈયાર કરી એક આવકારદાયક પગલું ભર્યું છે.

અકસ્માતે મોતને ભેટનાર વાનરને છ યુવાનોએ સમાધિ આપી

ગાંધીનગર, તા. ૩

ઘ-૦ પાસે ગઈકાલે સવારે એક વાનર અકસ્માતે મોતને ભેટ્યો હતો, જેને નગરના સેવાભાવી યુવાનોએ સમાધિ આપી હતી.

નજરે જોનારા સાક્ષીઓનાં નિવેદન મુજબ વહેલી સવારે આ વાનર રોડ ક્રૉસ કરી રહ્યો હતો ત્યારે ઝડપભેર આવતી એક કારની ટક્કર તેને વાગી હતી. કાર તો આગળ પસાર થઈ ગઈ હતી પણ આ ટક્કર વાનર માટે જીવલેણ પુરવાર થઈ હતી અને તેનું ત્યાં જ મોત નિપજ્યું હતું. એ પછી બપોર સુધી વાનરનો મૃતદેહ ત્યાં જ પડી રહ્યો હતો. આવતાં-જતાં અનેક લોકોએ તેને જોયો, પણ કોઈએ તેના પણ લક્ષ આપ્યું ન હતું. આ કારણે બપોર થતાં સુધીમાં તો કાગડા-કૂતરાઓએ આ મૃતદેહને ખાવાનું પણ શરૂ કરી દીધું હતું, જેને કારણે મૃતદેહ વધારે વિકૃત બન્યો હતો. ત્યાંથી પસાર થતા નગરના પ્રકૃતિપ્રેમી યુવાન તુષાર દવેની નજર આ દ્રશ્ય પર પડતાં જ તેણે કાગડા-કૂતરાઓને ભગાડ્યા હતા અને વારને સમાધિ આપવાનું વિચાર્યું હતું. સારા કામને સહાય તો મળે જ છે એ નાતે થોડીવારમાં ત્યાંથી પસાર થઈ રહેલા પાંચ યુવાનો-આનંદ ભરવાડ, શુભમ્ ગાળિયા, શાન પટેલ, સંજય પરમાર અને ધવલ પરમારે તુષારભાઈને વાનરના મૃતદેહ આગળ ઊભેલા જોયા અને તેઓ પણ ત્યાં ઊભા રહ્યા.

એ પછી તો આસપાસમાંથી જ ખોદકામ માટેનાં સાધનો મેળવી આ યુવાનોએ ઊંડો ખાડો પણ કર્યો અને વાનરના મૃતદેહને તેમાં સમાધિ આપી ઉપર આસપાસથી વીણી લાવેલાં ફૂલો પણ અર્પણ કર્યાં.

જ્યાં મોટેરાઓ પણ મોઢું ફેરવી ગયા ત્યાં આ યુવાનોએ સેવાભાવના દાખવીને વાનરના મૃતદેહને યોગ્ય સ્થાન આપ્યું હતું અને પોતાની યુવાનીનો પરિચય આપ્યો હતો.

ગુજરાત યુનિ.ની પરીક્ષા રસીદમાં છબરડા યથાવત

અમદાવાદ, તા.૩

ગુજરાત યુનિવર્સિટી દ્વારા ૫મી એપ્રિલથી લેવાઈ રહેલી પરીક્ષાની રશીદોમાં છબરડા હોવાનું બહાર આવ્યું છે. રશીદોના છબરડાને કારણે વિદ્યાર્થીઓને છેલ્લી ઘડી સુધી દોડધામ કરવી પડી હતી. ગુજરાત યુનિ.ના કુલપતિએ તાજેતરમાં વિવિધ ભવનોના ઉદ્‌ઘાટન કરી હાઈટેક યુનિવર્સિટીની યાદીમાં સ્થાન મેળવી લીધુ છે. પરંતુ ગુજ. યુનિ. દ્વારા દરવખતે પરીક્ષા પૂર્વે રશીદોમાં છબરડા નીકળતા હોય છે. રશીદોમાં વિદ્યાર્થીઓના બદલે વિદ્યાર્થીનીઓના ફોટા અને આવી રીતે નામમાં પણ અદલાબદલી થઈ હોવાનું જાણવા મળ્યું છે. ૫મીથી શરુ થતા પરીક્ષાના પ્રથમ તબક્કામાં પૈકી કેટલાક વિદ્યાર્થીઓની પરીક્ષાના રશીદમાં છબરડા બહાર આવતા છેલ્લી ઘડીએ રશીદોમાં સુધારા માટે વિદ્યાર્થીઓને દોડધામ કરવી પડી હતી.

દિલ્હી પબ્લિક સ્કૂલને રીફંડ આપવા માટે આદેશ અપાયો

અમદાવાદ,તા. ૩

એક મહત્વપૂર્ણ ચુકાદો આપતા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમે (અમદાવાદ ગ્રામીણ) બોપલમાં આવેલી દિલ્હી પબ્લિક સ્કુલને ક્લાસમાં હાજરી આપ્યાના ૧૮ દિવસ બાદ અન્ય સ્કુલમાં શિફ્ટ કરી દેનાર વિદ્યાર્થીને નવ ટકા વ્યાજની સાથે ફીની ૫૦ ટકાથી વદારે રકમ રીફંડ આપવા આદેશ કર્યો છે. વર્ષ ૨૦૧૦-૧૧ માટે ડીપીએસ બોપલની ધોરણ એકમાં પાર્થ રહીવરે પ્રવેસ લીધો હતો. તેના સંબંધી રણબીરસિંહે ૪૦૦૦૦ રૂપિયા જમા કરાવ્યા હતા. જેમાં ૨૫૦૦૦ એડમિસન ફીનો સમાવેશ થાય છે. તેમા ૯૫૦૦ની ડેવલપમેન્ટ ફી અને ૫૫૦૦ અન્ય ફીનો સમાવેશ થાય છે. ૧૮ દિવસ સુધી સ્કુલમાં હાજરી આપ્યા બાદ આ વિદ્યાર્થીને પ્રકાશ સ્કુલમાં શિફ્ટ કરી દેવામાં આવ્યો હતો. જો કે ડીપીએસે માત્ર કોઝન નાણા જ પાછા આપ્યા હતા. ૩૦મી માર્ચના દિવસે આપવામાં આવેલા આદેશમાં ફોરમે ૨૦૦૦૦ રૂપિયા રિફંડ આપવા ડીપીએસને સુચના આપી હતી. વ્યાજ સાથે નાણાં ચુકવવાનો આદેશ આપવામાં આવ્યો હતો.

આવતીકાલનો ઉજાસ

પંકજ એચ કનોજીયા
ધોરણ - ૯
વહાણવટી વિદ્યાલય

પંકજ અભ્યાસ ઉપરાંત રમત-ગમતમાં પણ વિશેષ રૂચી ધરાવે છે. સાંસ્કૃતિક પ્રવૃતિઓમાં મોખરાનું સ્થાન ધરાવનાર તે પોતાના સહાધ્યાયીઓ માટે સહાયકારીવૃતિ દાખવે છે. આ ઉપરાંત વિજ્ઞાનમેળામાં ભાગ લઈ 'વરસાદી પાણીનો સંગ્રહ' પ્રોજેક્ટ તૈયાર કરી ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું હતું.

પ્રિયંકા ભરતભાઈ પ્રજાપતિ
ધો-૮, જે. એમ. ચૌધરી
સાર્વજનિક કન્યા વિદ્યાલય

અભ્યાસમાં તેજસ્વી એવી પ્રિયંકા બાળઉર્જારક્ષક દળમાં ઉમદા કાર્ય કરે છે. તેમજ એન.સી.સી બેસ્ટ કેડેટ રહેલી તેણીની છેલ્લા ચાર વર્ષથી 'સ્કાઉટ ગાઈડ'માં જોડાયેલી છે. છાવણી સજાવટ, વકૃત્વ, અવલોકન, કેમ્પ ફાયર જેવી પ્રવૃતિઓમાં ચાર વર્ષથી અવિરત પ્રથમ સ્થાને રહેલ છે. જેથી કરીને ચાલુ વર્ષે તે 'સ્કાઉટ ગાઈડ'નો રાજ્ય પુરસ્કાર મેળવવાની લાયકાત ધરાવે છે. આ સાથે જ જીલ્લા કક્ષાની વાર્તાકથન સ્પર્ધામાં પ્રથમ, કારકીર્દી સ્પર્ધામાં દ્વિતિય અને ચિત્ર સ્પર્ધામાં શિષ્યવૃતિ મેળવી શાળાને ગૌરવ અપાવ્યું છે.

આ ઉપરાંત પ્રિયંકાએ સાંસ્કૃતિક પ્રવૃતિઓમાં નવરાત્રી, ગરબા, 'નવલી નવરાત ૨૦૧૧'માં બેસ્ટ પ્રિન્સેસ, બેસ્ટ ટિનેજર અને મેગા ફાઈનલમાં બેસ્ટ ટિનેજર રનર્સ-અપ ફીમેલનો ખિતાબ પણ પોતાના નામે કરેલ છે.

મહિલા સંમેલનમાં એવોર્ડ મેળવનાર દીકરીઓની રાજય સરકારના ઉમદા કાર્યમાં પોતાનું સમર્થન આપતી વાત તેમના મુખે

દીકરીઓને ભણીગણીને કરવાનું શું.... તેને તો મોટા થઈ સાસરે જવાનું... અને ઘર જ સંભાળવવાનું છે ને.. હવે, આ ઉદ્‌ગાર ગુજરાતના છેવાડાના ગામડાઓમાં પણ અક્ષરજ્ઞાન ન ધરાવતા માબાપ પણ બોલતાં ખંચકાય છે... હવે, અસાક્ષર માબાપ પણ દિકરીના જીવનમાં શિક્ષણનું શુ મહત્વ છે. તે વાતનો સારાંશ સારી રીતે સમજી ગયા છે. આ થવા પાછળ કોઈ ચમત્કાર તો થયો જ નથી. પણ છેલ્લા દશ વર્ષમાં રાજ્ય સરકારના શાળા -વેશોત્સવ, ગુણોત્સવ, કન્યા કેળવણી મહોત્સવ જેવા અનેક કાર્યક્રમનું આ પરિણામ છે. જેના પરિણામ સ્વરૂપે આજે રાજયના પાટનગરથી લઈ છેવાડાના આદિવાસી વિસ્તારોમાં દીકરીઓને અક્ષરજ્ઞાન માટે શાળાએ મોકલવવામાં આવી રહી છે. ગાંધીનગર ખાતે તા.૩૧મી માર્ચ ૨૦૧૨ના રોજ યોજાયેલ મહિલા સ ંમેલનમાં મુખ્યમંત્રીશ્રી કન્યા કેળવણી નિધિ અને ખેલ મહાકુંભમાં એવોર્ડ મેળવનાર દીકરીઓની રાજય સરકારના આ ઉમદા કાર્યમાં પોતાનું સમર્થન આપતી વાત તેમના મુખે સાંભળીએ...

(૧) આપણી પોતાની જ દીકરીને અક્ષરજ્ઞાન આપીએ તોય એ વાત પણ દેશની સેવા કર્યા બરાબર જ છે.

ક, ખ, ગ....ને ન ઓળખનાર માબાપે પણ સ્વીકારી લીધું છે કે, પહેલા દિકરીને વિદ્યાદાન પછી જ કન્યા દાન...તે વાત આજે મારા જેવી દીકરીઓ માટે આનંદની છે. તેવું ગાંધીનગર ખાતે યોજાયેલ મહિલા સંમેલનમાં મુખ્ય મંત્રી શ્રી કન્યા કેળવણી નિધિમાં એવોર્ડ મેળવનાર કું. લલિતા દલપતભાઈ

પરમાર પુરેપુરા આત્મવિશ્વાસ સાથે બોલી ઉઠી હતી.

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના શોભાસણ ગામની લલિતા પોતાની વાત કરતાં કહે છે કે, મારા પિતા દલપતભાઈ ૪૦૭ મેટાડોર ચલાવે છે. મારે બે ભાઈઓ છે. મારા પિતાએ હમેંશા હું સારો અભ્યાસ કરીને પગભર બની જાઉં તેવું ઈચ્છી રહયા છે. તે માટે તેમણે દીકરાદીકરી વચ્ચે કયારેય ભેદ રાખ્યો નથી. તેઓ વાતવાતમાં લોકોને કહે છે કે, આજના જમાનામાં તો દીકરીઓને ભણાવવી જ જોઈએ... ભલે.. તેના લગ્નટાણે એક તોલો દાગીનો આછો આપીશું.. આજના જમાનામાં તો દીકરીઓનું સાચું ઘરેણુ તો શિક્ષણ જ છે. આપણી પોતાની જ દીકરીને અક્ષરજ્ઞાન આપીએ તોય એ વાત પણ દેશની સેવા કર્યા બરાબર જ છે. આજે હું ગાંધીનગરની સી.એમ પટેલ કોલેજ ઓફ નર્સીંગમાં અભ્યાસ કરું છું. આજે મને મુખ્યમંત્રીશ્રી કન્યા કેળવણી નિધિમાંથી રૂપિયા ૧૫,૦૦૦ની રકમનો ચેક મળ્યો છે. આ રકમ સાધન સંપન્ન ઘરો માટે ભલે સામાન્ય હશે.. પણ મારા જેવી અભ્યાસ કરવા ઈચ્છતી દીકરી માટે તો તે આગળ અભ્યાસ કરવાનો જુસ્સો પુરો પાડશે.

(૨) ખેલ મહાકુંભ થકી વિસરાઈ ગયેલો માટીમાં રમવાનો નાતો ફરી એક વાર તાજો થતો જોવા મળી રહ્યો છે

આજના જમાનામાં ધોરણ ૧ થી ૭માં અભ્યાસ કરતાં બાળકોની જિંદગીમાંથી ઘરના આંગણે માટીમાં રમવાની રમતો લુપ્ત બનવા લાગી છે. હાલના સમયમાં નાના ભુલકાઓ ઘરથી શાળાએ અને શાળાએથી ઘર જ કરે છે. પરંતુ રાજયમાં શરૂ થયેલા ખેલ મહાકુંભ

થકી આજના બાળકો પોતાની માતૃભૂમિની ગોદમાં રમતાં થયાં છે. વિસરાઈ ગયેલો માટીમાં રમવાનો નાતો ફરી એક વાર તાજો થતો જોવા મળી રહયો છે. આવું ગાંધીનગર ખાતે યોજાયેલ મહિલા સંમેલનમાં ખેલકૂદ ક્ષેત્રે જિલ્લા કક્ષાએ એવોર્ડ મેળવનાર ઓમ લેન્ડ સ્કુલની વિશ્વા જાની પોતાની આગવી છટાંમાં બોલી ઉઠી હતી.

ખેલ મહાકુંભ અંગે પુછતા ઉત્સાહી ખેલાડી વિશ્વાએ કહયું હતું કે, રાજય સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલ આ કાર્યક્રમ ઘણો મજાનો છે. જેની અંદર મારા જેવા નાની ઉંમરનાથી લઈ દરેક ઉંમરના લોકોને સાંકળી લેવામાં આવ્યા છે. તે વાત ઘણી આનંદની છે. આ કાર્યક્રમ થકી આજે ગામડે ગામડે સૌ કોઈ વિવિધ રમતો રમતા થયા છે. માતબર રકમના ઈનામો મેળવતા થયાં છે. તે ઉપરાંત મારા જેવી ખેલ કુદમાં શોખ ધરાવતી કન્યાઓની -તિભા ઉભરીને બહાર આવવા લાગી છે.

આજે મને અહીં ખેલ મહાકુંભની રમતમાં મારી સ્કાય માર્શલ રમતમાં ઉત્કૃષ્ટ દેખાવ બદલ રાજય સરકાર દ્વારા ખાસ સન્માન કરવામાં આવ્યું છે. આજે મને સન્માનના પેટે રૂપિયા ૪૮૦૦નો ચેક અર્પણ કરવામાં આવ્યો છે. આજનો દિવસ મારા જીવન માટે ખૂબ જ યાદગાર રહેશે.

(૩) રાજય સરકારના સતત -યત્નોથી સમાજમાં હકારાત્મક પરિવર્તન આવ્યું છે....

દીકરા દીકરી વચ્ચે ભેદભાવ ન રાખવો જોઈએ. રાજય સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલા કન્યા કેળવણી અભિયાનમા ં પક્ષાપક્ષી છોડીને દરેક ગુજરાતીએ હાથથી હાથ મિલાવી કામ કરીને સમાજમાં એક પરિવર્તનની જયોત -જવલિત

કરવી જોઈએ તેવી વાત મુખ્યમંત્રીશ્રી કન્યા કેળવણી નિધિમાં એવોર્ડ -પ્ત કરનાર બી.સી.એ.ની વિદ્યાર્થીની -િયંકા ગુણવંતભાઈ -જાપતિએ ભારપૂર્વક કરી હતી.

આકર્ષક વાકછટા ઘરાવતી -િયંકાના પિતા ગુણવંતભાઈ એલ.આઈ.સી એજન્ટ છે. તે ગાંધીનગર નજીક આવેલા અડાલજ ગામમાં રહે છે. -િયંકા ગાંધીનગરના સેકટર-૭માં આવેલી ચૌધરી કોલેજ ઓફ કોમ્પ્યુટર એજયુકેશનમાં બી.સી.એ માં ભણે છે. તેણે પોતાનો -તિભાવ આપતાં જણાવ્યું હતું કે, સમય સાથે બદલાવ ખૂબ જ જરૂરી છે. આપણા સમાજમાં વર્ષો જૂની રૂઢિચુસ્ત -ણાલીમાં બદલાવ લાવવા માટે દીકરીઓમાં શિક્ષણ ખૂબ જ જરૂરી છે. કહે છે કે ને દીકરી એક નહીં બે કુળને તારે છે. જો દીકરીઓ ભણીગણીને આગળ આવશે. તો જ સમાજમાંથી સ્ત્રીભુણ હત્યા કે અન્ય અનેક કુરિવાજો આપો આપ નાબૂદ થશે. તેમજ સમાજમાં એક નવો બદલાવ જરૂર આવશે.

રાજય સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલ કન્યા કેળવણી અને બેટી બચાવો અભિયાનમાં સમાજના દરેક નાગરિકે સ્વયંભુ સાથ સહકાર આપવો જોઈએ. આ વાત માત્ર રાજય સરકાર પુરતી સીમિત નથી, પણ સમાજના દરેક વર્ગને લાગું પડે છે. રાજય સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલ કન્યા કેળવણી મહોત્સવ, શાળા -વેશોત્સવ, ગુણોત્સવ અને ખેલ મહાકુંભ જેવા કાર્યક્રમો થકી આજે દૂર દૂરના ગામડાઓમાં પણ દીકરીઓને ભણાવવા અંગેની એક નવી લોકચેતના જોવા મળી રહી છે. કોઈ પણ કાર્યનું પરિણામ તુરંત મળતું નથી પણ સાચા દિલથી શરૂ કરવામાં આવેલ કાર્યનું ફળ હમેંશા મીઠું જ હોય છે. તે વાતનો અહેસાસ હવે, રાજયમાં સૌ કોઈ અનુભવી રહયાં છે.

(અહેવાલ : પરિમલ પટેલ)

રાષ્ટ્રીય સલામતી અંગે સેમીનાર યોજાયો

અમદાવાદ, તા.૩

સરદાર વલ્લભભાઈ પટેલ મેમોરીયલ સોસાયટી દ્વારા રાષ્ટ્રીય સલામતી અંગે સામાન્ય નાગરિકોમાં જાગ્રતતા અંગે સેમીનર યોજાયો હતો. સેમીનારમાં તમામ વર્ગના અંદાજે ૨૦૦૦ લોકો હાજર રહ્યા હતા. નિવૃત લેફટન્ટ જનરલ એન એસ મલિકે સેમીનારનું ઉદ્‌ઘાટન કર્યું હતું. આ પ્રસંગે ન્યાયાધીશ એસ એમ સોની, ન્યાયાધીશ બી જે શેઠના, નિવૃત આઈએએટા અધિકારી ડી સિંઘ સીસોદીયા, નિવૃત આઈપીએસ અધિકારી પીપી પાંડે ઉપસ્થિત રહ્યા હતા. લેફટન્ટ જનરલ એન એસ મલિક રાષ્ટ્રીય લાઈફ સેવીંગ સોસાયટીના ઉપપ્રમુખ પણ છે.

વિદ્યાર્થીઓ માટે શું જરૂરી છે ? પદ્ધતિસરનું જ્ઞાન કે ઍસાઈન્ટમેન્ટ ?

કેળવણીમાં કસર

નગરની શાળાઓમાં પરીક્ષાની મૉસમ જામી છે અને પરીક્ષા આપી રહેલા વિદ્યાર્થીઓના વાલીઓનાં મનમાં સ્ટ્રેસની મૉસમ જામી છે. પરીક્ષામાં પોતાનું સંતાન શું લખશે ? ઍને કયા વિષયમાં કેટલા માર્ક્સ આવશે ? કેટલા ટકા એ લાવશે ? એ જ પ્રશ્નો અત્યારે તો વાલીઓ માટે સૌથી અગત્યના થઈ ગયા છે.

ગૅસ-પૅટ્રોલના વધતા ભાવ કે વધતી મોંઘવારી અત્યારે સાઈડટ્રૅક થઈ ગઈ છે અને બીજું બધું ભૂલીને સૌ અત્યારે પરીક્ષામય થઈ ગયા હોય એમ લાગી રહ્યું છે.

પરીક્ષા માટે આટલું ટૅન્શન શા માટે ? પરીક્ષા માટે આટલો ઉહાપોહ શા માટે ? પરીક્ષા એ માટે લેવાય છે કે વિદ્યાર્થી પરીક્ષા માટે તૈયાર થાય, પરીક્ષામાં સારો દેખાવ કરવાનું શીખે અને મેળવેલા જ્ઞાનને અભિવ્યક્ત કરી શકે. પણ આજકાલના શિક્ષણમાં આવું ક્યાં જોવા મળે છે ?

આજકાલ તો ઍસાઈન્મેન્ટનો જમાનો છે. આ ઍસાઈન્મેન્ટ એટલે શું એ જાણો છો ? વિદ્યાર્થીઓને સારા માર્ક્સ અપાવવા માટે પહેલેથી જ આપી દેવામાં આવતા પ્રશ્નો. શરમ છોડીને કહીએ તો વિધિવત્ રીતે ફોડી નાંખવામાં આવતાં પેપર્સ.

જી હા, ઍસાઈન્મેન્ટમાં એ જ સવાલો હોય છે જે પૈકીના થોડા સવાલો પરીક્ષામાં પૂછવામાં આવે છે. આજે સ્કૂલો માટે પણ આકરી સ્પર્ધાનો જમાનો છે. વિદ્યાર્થીઓને ખેંચવા માટે સ્કૂલો વચ્ચે હોડ જામી છે. એ જ રીતે પોતાને ત્યાં આવતા વિદ્યાર્થીઓને ઊંચી ફી લઈને સારામાં સારી રીતે શિક્ષણ લઆપવાની પણ હોડ જામી હોત તો સારું થાત. પણ એવું થયું નથી. અહીં તો બસ વિદ્યાર્થી સારા માર્ક્સ લાવે એટલે પત્યું. અને એ સારા માર્ક્સ આવે કેવી રીતે ? એનો ઉપાય છે જ શાળાઓ પાસે - ઍસાઈન્મેન્ટ.

વાલીઓ પણ કોણ જાણે કેમ આ ઉપાયને સરળતાથી સ્વીકારી લે છે ! ઊંચી ફી આપીને આખા વર્ષનો સમય પસાર કરીને તે પોતાના પાલ્યોને શા માટે સ્કૂલમાં મોકલે છે ? જ્ઞાન મેળવવા કે એક પંદર પાનાંનું ઍસાઈન્મેન્ટ મેળવવા ? આખરે પરીક્ષાનો આધાર એ પંદર પાનાંનું ઍસાઈન્મેન્ટ જ હોય તો આખું વર્ષ વિદ્યાર્થીઓને શાળાએ મોકલવાની શું જરૂર છે ? આટલી ઊંચી ફી આપીને ભણાવવાની શું જરૂર છે ? શાળાની ફી કરતાંય મોંઘાં ટ્યુશન્સ કરાવવાની શી જરૂર છે ?

જે પ્રવાહ ચાલે એમાં આપોઆપ ગોઠવાઈ જવાનો ચાલ આપણે ત્યાં જૂનો છે. એમાં કોઈ પરિવર્તન કરવાનું નહીં, નવું વિચારવાનું નહીં કે સચ્ચાઈની વાત કરવાની નહીં.

આ ઍસાઈન્મેન્ટના પાપે આપણાં સંતાનો જ્ઞાન અને સાચું શિક્ષણ મેળવવાથી વંચિત રહે છે એ બાબત ઉપર કોઈનું ધ્યાન નથી જતું. પહેલાં વાલીઓ ઍસાઈન્મેન્ટની ઉઘરાણી માટે શાળા પર તડી બોલાવે છે અને પરીક્ષાના પંદરેક દિવસ પહેલાં આ ઍસાઈન્મેન્ટ મળી જાય એટલે એની પચીસેક નકલો કઢાવીને બૅસી જાય છે વિદ્યાર્થીઓ ને ગોખાવવા. 'હાશ ! પત્યું. ઍસાઈન્મેન્ટ મળી ગયું એટલે હવે વાંધો નહીં. મારો 'લાલો' હવે તો ૯૦ ટકા લાવીને બતાવશે !'

એ જ લાલાને એના અભ્યાસક્રમ કે પાઠ્યપુસ્તકમાંથી કોઈ સવાલ પૂછવામાં આવે તો મોઢું વકાસીને જોઈ રહેશે. અરે પાઠ્યપુસ્તક તો બહુ મોટી વાત થઈ, એવાય વિદ્યાર્થીઓના દાખલા છે કે જેમને ઍસાઈન્મેન્ટમાં આપવામાં આવેલો સવાલ જ સવાલ બીજા શબ્દોમાં પૂછવામાં આવે કે એમાં આપેલા દાખલા જેવો દાખલો રકમ બદલીને આપવામાં આવે તોય તેઓ એનો જવાબ મેળવવામાં નિષ્ફળ રહે છે ! વિચારો, આમાં શિક્ષણ ક્યાં આવ્યું ? આમાં જ્ઞાન ક્યાં આવ્યું ?

પરીક્ષામાં શું પૂછાવાનું છે એ અગાઉથી જ વિદ્યાર્થીઓને કહી દેવું એ શું ચોરી નથી ? એ શું પેપર ફોડવું નથી ? વિદ્યાર્થીઓને માત્ર એ જ રસ્તો બતાવીને પાઠ્યપુસ્તકો ને જ્ઞાનથી દૂર કરી દેવાનું એ પાપ નથી ?

છે જ. પણ તોય વાલીઓ પાગલની જેમ ઍસાઈન્મેન્ટની પાછળ દોડે છે.

વિચારો જરા, કયા હેતુ માટે તમે તમારા પાલ્યને સ્કૂલમાં ઍડમિશન અપાવ્યું છે ? શિક્ષણ, જ્ઞાન અને વિકાસ એના હેતુઓ છે કે પછી માત્ર અને માત્ર પર્સન્ટેજ ?

અને શાળાઓએ પણ આ વિચારવું જોઈએ. આવી રીતે પોતાની શાળામાંથી ઊંચા માર્ક્સ મેળવનાર વિદ્યાર્થીનો ઉલ્લેખ કરીને શાળાઓ ભલે પોરસાતી હોય, પણ લાંબા ગાળે આ જ બાબત આવી દરેક શાળા માટે નુકસાનકારક સાબિત થવાની છે એમાંય કોઈ શંકા નથી.

આવી રીતે ગોખણપટ્ટીથી કે ચોરીથી સારા માર્ક્સ મેળવી ગયેલા મૂળે નબળા જ્ઞાનવાળા વિદ્યાર્થી જ્યારે પ્રૅક્ટીકલ જિંદગીમાં નિષ્ફળતા મેળવશે કે વ્યવસાયમાં ગોટાળો કરશે

ત્યારે તેણે મેળવેલા જ્ઞાનની અને આ જ્ઞાન આપનાર સ્કૂલની કિંમત અંકાઈ જશે એ વાત નિશ્ચિત છે.

એક આધુનિક શિક્ષકના શબ્દોમાં કહું તો, 'આવા વિદ્યાર્થીઓ કેવા ઍન્જિનીયર્સ અને ડૉક્ટર્સ બનશે તો સમાજનું શું થશે ? એ વિચારીને જ મને તો ભય ઉપજે છે !'

બાજુવાળાનો બાબલો ૯૦ ટકા લાવે એટલે આપણાં સંતાનનેય ૯૧ ટકા લાવવા માટે ગમે તેવા રસ્તે આગળ વધારવો એ આપણને શોભતું પણ નથી અને એ આપણા સંતાન માટે એ યોગ્ય પણ નથી.

વિચારો, સમજો અને પ્રથા બદલો. તમારાં સંતાન માટે તમારી દોડ શું છે ? માત્ર ટકા કે જિંદગીમાં સફળતા ? જિંદગીમાં સફળતા હોય તો એને યોગ્ય રીતે શિક્ષણ અપાવો, યોગ્ય રીતે જ્ઞાન અપાવો. એક ઍસાઈન્મેન્ટ પાછળની દોડમાં સંતાનના ભવિષ્યને અંધકારમય બનાવવું એ તો તમારી જિંદગીનું ધ્યેય નથી જ !